ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૯ ટકા
ગાંધીનગર તાપમાન

# સેક્ટર-૮માં ૪૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૫

શાંત અને સલામત ગણાતા રાજયના પાટનગરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. ચોર ઈસમોને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પાટનગરના વીવીઆઈપી ગણાતા સેક્ટર-૮ ખાતે એક નિવૃત આઈએએસના બંધ બંગલાને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. તસ્કરોએ પ્રથમમાળે આવેલા માસ્ટર બેડરૂમની બારીની ગ્રીલ તોડીને અંદર પ્રવેશી તિજોરીમાંથી સોનાના ડાયમંડ જડેલા દાગીના કિં.૩૪.૫૦ લાખ અને રૂ.૫ લાખ રોકડા મળી કુલ રૂ. ૩૯.૫૦ લાખની મત્તાની ચોરી થવા પામી છે. આ ચોરીને પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૮ પ્લોટ નં. ૮૪૧ નંબરના બંગલોમાં નિવૃત આઈએએસ ડી.કે.રાવ રહે છે. તેઓ ગત તા.૧૨ માર્ચના રોજ ઘરને લોક મારીને તેમના વતન હૈદરાબાદ ગયા હતા. ત્યાબાદ લોકડાઉનને પગલે તેઓ ત્યાં જ રોકાઈ ગયા હતા. સેક્ટર-૮ નો બંગલો છ માસથી બંધ હોવાથી તેની સાફ સફાઈ માટે તેમના પરિચિત તેવા સરગાસણ ચર્ચના પાદરી સેમ જોશ્વાને કુરીયર દ્વારા ચાવી મોકલી આપી હતી. જેથી બંગલાની સફાઈ માટે ત્રણ મજુરો લઈને તેઓ ગયા હતા. ત્યારબાદ તેઓ બંગલામાં દરવાજો ખોલીને પ્રથમ માળે ગયા ત્યાં જોયું તો માસ્ટર બેડરૂમનો દરવાજો ખુલ્લો હતો અને કબાટનો સામાન વેર વિખેર પડ્યો હતો. જેથી તેઓએ ડી.કે.રાવને ફોન કરતા તેઓએ તેમના પરિચિત મીલીંદ પુરોહિત (સેક્ટર-૧) ફોન કરતા બંગલા પર તાત્કાલીક પહોંચી ગયા હતા. મીલીંદ પુરોહીતે જઈને ચેક કરતા બેડરૂમની બારીની ગ્રીલ તુટેલી હતી. જેથી તેઓએ ડી.કે.રાવને ફોન કરીને તેમણે આપેલી વિગત મુજબ ઘરમાં તપાસ કરી હતી. જેમાં ડ્રેસીંગ રૂમમાં મુકેલી ત્રણ લોખંડની તિજોરીના અલગ-અલગ ડ્રોઅરમાંથી રૂ.૩૪.૫૦ લાખની કિંમતના તેમની પત્ની અને દિકરીના સોનાના ડાયમંડ જડેલા દાગીના તેમજ રૂ. ૫ લાખ રોકડા મળી કુલ રૂ.૩૯.૫૦ લાખની મત્તાની ચોરી થવા પામી હતી. માર્ચ થી સપ્ટેમ્બર વચ્ચે કોઈપણ સમયે ચોરી થઈ હોવાનું પોલીસ માની રહી છે. બનાવ અંગે ડી.કે.રાવના પરિચિત મીલીંદ પુરોહિતની ફરીયાદને આધારે પોલીસે ગુનો નોંધી ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ઘટના સ્થળની ઝીણવટપૂર્વક તપાસ હાથ ધરી છે.

### ચોરી થયેલા દાગીનાની યાદી

- ૭ નંગ સોનાના ડાયમંડ જડીત હાર
- ૩ જોડ ડાયમંડ જડીત બંગડી
- ૭ નંગ સોનાની ડાયમંડ જડીત વીંટી
- ૧ નંગ સોનાની રૂબી ડાયમંડ જડીત વીંટી તેમજ રૂ. ૫ લાખ રોકડ મળી કુલ રૂ. ૩૯.૫૦ લાખની મત્તાની ચોરી થવા પામી છે.

### બંગલાના સીસીટીવી કેમેરા બંધ હાલતમાં

શહેરના સેક્ટર-૮ પ્લોટ નં.૮૪૧ ખાતે રહેતા નિવૃત આઈએએસ ડી.કે.રાવના બંગલામાં સલામતી માટે સીસીટીવી કેમેરા લગાવાયા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હોવાથી પોલીસે ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

## મહિલા અને બાળકો કારની અડફેટે ઈજાગ્રસ્ત

શહેરમાં એક બાજુ માર્ગ વાઈડનીંગની અને સ્ટોમ વોટર લાઈનની કામગીરીથી માર્ગ સલામતી આમ પણ જોખમાઈ છે ત્યારે શહેરના ખ માર્ગ પર આજે સવાર ૧૧ વાગ્યાના અરસામાં એક આઈ-૨૦ કાર ચાલકે બે બાળકો સાથે પગપાળા જતી મહિલાને ટક્કર મારતા ત્રણેયને ઈજાઓ થવા પામી હતી. આ અકસ્માતમાં

ઈજાગ્રસ્ત નજમાબેન તેમજ ૧૦ વર્ષિય અલ્ફાજ અને આઠ માસની માસુમ બાળકી એલીજાને ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્ત ત્રણેયને સારવારઅર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે ત્યારબાદ તેમને વધુ સારવાર માટે અમદાવાદ ખાતે લઈ જવાયા હતા. આ અકસ્માત સંદર્ભે સેક્ટર-૪ સી પ્લોટ નં.૬૭૫-૨ ખાતે રહેતા રાહિલ રહીમભાઈ મનસુરીએ સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. બનાવ સંદર્ભે પોલીસે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં ઓનલાઈન શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

શિક્ષક દિન નિમિત્તે સૌપ્રથમ ઓનલાઈન ક્લાસમાં પ્રાર્થના તથા શ્લોકથી શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષકોને સરપ્રાઈઝ આપી અને બધા જ શિક્ષકો માટે પણ ખુબ સુંદર વીડિયો બનાવવામાં આવ્યો હતો તે રજૂ કરવામાં આવ્યો હતો. અને ત્યારબાદ આપણે શિક્ષક દિન શા માટે ઉજવીએ છીએ અને તેનું મહત્વ દર્શાવતી સ્પીચ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો કહી શિક્ષક પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી અને બાળકો દ્વારા તેમના જીવનમાં શિક્ષકનું મહત્વ દર્શાવતી સ્પીચ પણ ગ્રુપમાં શેર કરવામાં આવી હતી. બાળકોએ બનાવેલા શિક્ષકો માટેના સુંદર કાર્ડ પણ ગ્રુપમાં મોકલવામાં આવ્યા હતા. અંતે વાલી મિત્રોએ પણ શિક્ષકો પ્રત્યેના અભિગમ વ્યક્ત કરી અને શિક્ષકોના કાર્યને બિરદાવ્યું હતું. આમ, બધાના સહિયારા પ્રયત્નોથી આ કાર્યક્રમ ખુબ જ સફળ રહ્યો હતો.

કોવિડ૧-૯ મહામારીના સમયમાં એક પછી એક પ્રસંગો નવી રીતરમતો સાથે ઉજવાતા જાય છે, ઉત્સવ ઉજવવો એ એક બાળ સહજ આનંદ સમી જરૂરિયાત છે. અને તેથી દરેક ઉત્સવ કે ઉજવણીનો સૌથી વધુ આનંદ બાળકોને હોય છે. કોરોના મહામારીના કારણે ભલે શાળાઓ બંધ હોય પરંતુ 'શિક્ષક દિન'નું મહત્વ બાળકો માટે સ્હેજ પણ ઓછું નથી. ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ પ્રિસ્કૂલમાં અપર કેજીમાં અભ્યાસ કરતી રૂતુ મેહુલ પ્રજાપતિએ શિક્ષક દિન નિમિત્તે પોતાના ઘરે રહીને શિક્ષિકા બની ઉજવણી કરી હતી.

## ‘ફિટ ઈન્ડિયા’ સાથે સ્વસ્થ ભારતનો વિશ્વમાં ડંકો વાગશે : નાજાભાઈ ઘાંઘર

**સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે ‘ફિટ ઈન્ડિયા રન’ને ડેપ્યુટી મેયરે પ્રસ્થાન કરાવી : ગાંધી જયંતિ સુધી દર સપ્તાહે ફિટ ઈન્ડિયા રન યોજાશે - પી.કે. રાઘવ : આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પેરા ખેલાડીઓ દેવેન્દ્ર ઝાઝરિયા, પારૂલ પરમાર અને રાજેન્દ્રસિંહ પણ રનમાં જોડાયા**

ગાંધીનગર, તા.૫

‘સ્વસ્થ શરીર અને રમતને આપણે જીવનનો ભાગ બનાવીશું તો રાષ્ટ્રનું ભાવિ વધુ સુદૃઢ અને મજબૂત થશે, આ હેતુ સાથે વડાપ્રધાને ‘ફિટ ઈન્ડિયા’ મુવમેન્ટ શરુ કરી છે. આગામી સમયમાં હવે વિશ્વમાં ભારતનો ડંકો વાગશે.’ ખૂબ જ જોશભર્યા ઉદબોધન સાથે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર જેઓ પોતે પણ એક એથ્લેટ રહી ચુકયા છે તેમણે આજે સેક્ટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાયેલી ‘ફિટ ઈન્ડિયા રન’નું પ્રસ્થાન કરાવતા કહ્યા હતા. આ સાથે ઉપસ્થિત સાઈના ડાયરેકટર પી.કે. રાઘવે ‘ફિટ ઈન્ડિયા રન’ આગામી તા. ૨જી ઓકટોબર ગાંધી જયંતિ સુધી દર સપ્તાહે યોજાતી રહેશે તેવી માહિતી આપણા જણાવ્યું હતું કે સાઈના દરેક તાલીમાર્થીઓ, ખેલાડીઓ, કોચ ઉપરાંત કર્મચારીઓ અને અધિકારીઓ પણ દરરોજ ૨ કિમીની દોડ નિયમિત લગાવે છે.

‘ફિટ ઈન્ડિયા’ અંતર્ગત આજે સવારે સાઈના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતે ૨ કિમીની ‘ફિટ ઈન્ડિયા રન’ યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના ડપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર ઉપરાંત અતિથિ વિશેષ પદે પેરા ઓલમ્પિકના ખેલાડીઓ દેવેન્દ્ર ઝાઝરિયા, પારૂલ પરમાર અને રાજેન્દ્રસિંહ રહેલું ઉપસ્થિત રહ્યા હતા. નાજાભાઈ ઘાંઘરે આ પ્રસંગે પોતાને સાઈ કેમ્પસનો જ ભાગ ગણાવી જુની યાદો વાગોળવા સાથે ખેલાડીઓને સામાજિક સેવા અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું અને તેમણે ૪૬ અનાથ બાળકો તેમજ ૧૨૦ નિરાધાર વિધવાઓના ભરણપોષણની જવાબદારી નિભાવવામાં આવતી હોવાની માહિતી આપી હતી. આ પ્રસંગે પેરા ઓલ્મિપક ખેલાડી દેવેન્દ્ર ઝાઝરિયાએ ભારતમાં સ્પોર્ટસ ક્ષેત્રે હવે તકો ઉજળી હોવાની અને ગાંધીનગરના આંતરરાષ્ટ્રીય નામના પ્રાપ્ત પેરાબેડમિન્ટન ચેમ્પિયન પારૂલ પરમારે કોરોનાને ફિટનેસ થકી હરાવવા કટિબધ્ધ બનવાની વાત કરી હતી. આ સાથે ‘ફિટ ઈન્ડિયા રન’ને પ્રસ્થાન કરવામાં આવી હતી જેમાં નાજાભાઈ ઘાંઘર, પી.કે. રાઘવ, સહિત તમામ મહેમાનો, સાઈના કોચ, ખેલાડીઓ, તાલીમાર્થીઓ અને કર્મચારીઓ પણ જોડાયા હતા.

## સેક્ટર-૧૨ ખાતેથી ચોરીના બાઈક સાથે યુવકને એલસીબી પોલીસે ઝડપ્યો

ગાંધીનગર, તા.૫

આજથી સાત માસ અગાઉ નવા વાડજ અખબારનગર પાસેથી ચોરી કરેલા બાઈક સાથે એક શખ્સને એલસીબી પોલીસે સેક્ટર-૧૨ રાજપૂત ભવન નજકથી ઝડપી પાડ્યો હતો. વાડજ પોલીસ મથકનો વાહનચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ ખાતે આવેલા રાજપૂત ભવનની સામે એપ્રોચ માર્ગ પરથી કાળા કલરના નંબર પ્લેટ વિનાના સી.ડી.ડીલક્ષ બાઈક સાથે શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

હતો. પોલીસે બાઈક અંગેના આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ઝીણવટભરી રીતે તપાસ કરતા તેણે આજથી સાત માસ અગાઉ આ બાઈક નવા વાડજ અખબારનગર ખાતે એક પેટ્રોલ પંપ નજીક આવેલી હોસ્પિટલ નીચેથી ચોરી કર્યુ હતું. ત્યારબાદ બાઈકની નંબર પ્લેટ નીકાળીને તે શખ્સ ફેરવતો હતો. પોલીસે પોકેટ કોપ ની મદદથી તપાસ કરતા આ બાઈકનો નંબર જી.જે.૦૧.જે.એમ.-૫૩૯૦ હોવાનું માલુમ પડ્યું હતું. બાઈક ચોરી અંગે વાડજ પોલીસ મથકે ગુનો પણ નોંધાયેલ છે. જેથી આરોપી સામે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. મહાવીરસિંહ કરણસિંહ ચાવડા, ઉ.વ. ૧૬, લાકરોડા, તા. માણસા
- સ્વ. વિષ્ણુભાઈ બાલુભાઈ બારોટ, ઉ.વ. ૮૯, ઈટાદરા, તા. માણસા
- સ્વ. રાવળ મદુબેન કલાભાઈ, બાલીયાસણ, જી. મહેસાણા

## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૩૩માં જન્મ દિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતે પૂષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

ગુજરાત વિધાનસભા ખાતેના પોડિયમમાં આજે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને આજીવન શિક્ષક એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૩૩માં જન્મ દિને ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર સિંહ ચૂડાસમા અને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી વિભાવરી બેન દવે દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું મહત્વનું કામ શિક્ષક દ્વારા થાય છે જેના આધારે ભવિષ્યના શ્રેષ્ઠ નાગરિકો રાષ્ટ્રને મળે છે. બાળકોના યોગ્ય ઘડતર અને રાષ્ટ્રના હિતને ધ્યાને લેતાં સમયાનુસાર શિક્ષણ નીતિમાં ફેરફાર થવા જ જોઈએ. તાજેતરમાં અમલી બનેલી નવી શિક્ષણ નીતિથી રાષ્ટ્રને નવી દિશા મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રી ચૂડાસમાએ જણાવ્યું કે ભારતના મહાન તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં સમગ્ર ભારત દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિવસ મનાવે છે. તેમણે જ તેમના જન્મ દિવસને શિક્ષક દિન તરીકે ઉજવવાની પ્રેરણા આપી હતી. શિક્ષકો પોતાની સંપૂર્ણ શક્તિ રેડીને ભાવિ પેઢીનું નિર્માણ કરે છે. એટલે જ ખરા અર્થમાં રાષ્ટ્રના વિકાસનો મુખ્ય પાયો શિક્ષકો છે.

આ પ્રસંગે વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલ, અધિકારીઓ તેમજ સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા બે અનોખા કલા ઉપક્રમોનું સંયોજન કરાયું

ગાંધીનગર, તા.૪

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા તાજેતરમાં બે સુંદર ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલબના સભ્ય મહિલાઓ ઉપરાંત તેમના પરિવારજનોએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો.

કલબના પ્રમુખ મમતા રાવલે આ અંગેની માહિતી આપતા જણાવ્યું છે કે કોરોનાના કપરા કાળમાં પણ માનવીના રસ અને ઋચિને કાટ લાગ્યો નથી. એ જ રીતે તેની કલાનો રસાસ્વાદ પણ એવો જ જીવંત છે. પરંતુ સંજોગોવશાત માનવને માનવીથી શારીરિક રીતે દૂર રહેવું પડે છે. આ દૂરીને હળવી કરવા અને કલાના રસાસ્વાદને જાળવી રાખવા અને સાથે સાથે સંસ્થાની વ્યકિતત્વ વિકાસની યાત્રા પણ કાયમ રાખવાના ત્રેવડા હેતુસર સંસ્થા દ્વારા બે અનોખી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

પહેલી સ્પર્ધા હતી ‘મૈં હું કોન’ જે એકપાત્રિય અભિનય સ્પર્ધા હતી. બીજી સ્પર્ધા ‘આજા નચલે’ નામથી યોજાઈ હતી, જે એક ડાન્સ સ્પર્ધા હતી. બંને સ્પર્ધાઓ માટે સ્પર્ધકોએ પોતાની એન્ટ્રી વિડીયો કિલપ સ્વરૂપે સંસ્થાને નિયત સમયમર્યાદામાં મોકલી આપી હતી. સંસ્થાના સભ્ય મહિલાઓ ઉપરાંત તેમના પરીવારજનો માટે પણ વયજૂથ પ્રમાણે ઈ એન્ટ્રીઝ આવી હતી.

એ પછી નિયત કરેલી તારીખે સંસ્થા તરફથી નિમંત્રણ આપીને બોલાવવામાં આવેલા કલાનિષ્ણાતોની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આ વિડિયો કિલપ્સ સૌ સ્પર્ધકોએ ઈન્ટરનેટના માધ્યમથી નિહાળી હતી. નિર્ણાયકોએ પોતાનો નિર્ણય પણ તરત જ જણાવી દીધો હતો. આમ સહુએ એક સાથે કાર્યક્રમ પણ માણ્યો અને તેમ છતાં શારીરિક દૂરીના નિયમનું પાલન પણ જળવાઈ રહ્યું હતું. સભ્યો અને તેમના પરિવારજનોના અનોખા ઉત્સાહે આ બંને સ્પર્ધાઓને સફળતા પૂરી પાડી હતી.

એકપાત્રિય અભિનયના પ્રોજેકટ ચેરમેન તરીકે વીણાબેન વોરા અને નિર્ણાયક તરીકે જાણીતા નાટયકાર કુંતલ નિમાવત અને અભિનેત્રી કરિશ્મા પાટડીયાએ પોતાની સેવાઓ પૂરી પાડી હતી. ડાન્સ સ્પર્ધાના પ્રોજેકટ ચેરમેન તરીકે ડૉ. નીતાબેન શેખાત અને નિર્ણાયક તરીકે હેમાબેન ભટ્ટ તથા દેવેશ શ્રીવાસ્તવે પોતાની સેવાઓ પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું ઓનલાઈન સંયોજન મહર્ષિ રાવલ દ્વારા સુચારુ રીતે કરવામાં આવ્યું હતું.

ડાન્સ સ્પર્ધાના એકલ વિભાગમાં અનુક્રમે દામિની રાવલ ચંદા યાદવ, ડયુએટ વિભાગમાં પારૂલ ઉપાધ્યાય, પ્રિયા ઉપાધ્યાય, ખાસ શ્રેણીમાં મનિષાબેન ત્રિપાઠી-કુસુમ જોષી, ૧૦ થી ૧૮ વર્ષની વયના વિભાગમાં નિયાશી પરમાર અને ૧૮ વર્ષથી વધુ વયના વિભાગમાં ભવ્યા ભટ્ટ વિજેતા બન્યા હતા.

એકપાત્રિય અભિનયની સ્પર્ધામાં સભ્યના વિભાગમાં અનુક્રમે ગીતા પટેલ, આરતી ભટ્ટ અને કોમલ ચૌધરી, ૧૦ થી ૧૮ વર્ષના વયવિભાગમાં પલાસ અંજારિયા અને ૧૮ વર્ષથી વધુના વયવિભાગમાં આશિષભાઈ શાહ વિજેતા બન્યા હતા. કાર્યક્રમના અંતે કલબના સેક્રેટરી દક્ષા જાદવ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગર દ્વારા શિક્ષકદિન નિમિત્તે નગરની વિવિધ સરકારી શાળાના શિક્ષકોને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૫ જેટલા આચાર્ય તથા શિક્ષકોને સર્ટીફીકેટ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાયન્સ ઉમંગભાઈ, લાયોનેસ મિત્તલ રાણા, લિયો વિનય જયસિંઘ ઉપસ્થિત રહ્યા હતા.